# વિષય-ગુજરાતી, C.C.૧૦૧

## પ્રશ્નપત્ર- `સુદામાચરિત્ર' : પ્રેમાનંદ

=========================================================================== (૧) `પદ' સાહિત્યસ્વરૂપ ક્યા યુગમાં ખેડાયું છે?

(A)પ્રાચીનયુગ (B)<u>મધ્યકાલીનયુગ</u> (C)અર્વાચીનયુગ (D)ગાંધીયુગ

(૨) ક્યા સંસ્કૃત શબ્દનો અર્થ-ચરણ,કડી અને પછી કડીસમૂહ એ રીતે વિસ્તરતો ગયો  છે?

(A )<u>પદ</u> (B)રાસ (C)ફાગુ (D)આખ્યાન

(૩) પદનું પ્રભવસ્થાન શું છે?

(A)ભાષા (B)વર્ણન (C)રીતિ (D)<u>ઊર્મિ</u>

(૪) મધ્યકાળના પદોમાં કયો રસ સવિશેષ વર્ણવાયો છે?

(A)વીરરસ (B)હાસ્યરસ (C)<u>શૃંગારરસ</u> (D)કરુણરસ

(૫) પદમાં જગત પ્રત્યેના નિર્વેદની લાગણી ક્યા રસ દ્વારા નિરૂપાય છે?

(A)શૃંગારરસ (B)<u>શાંતરસ</u> (C)વીરરસ (D)વાત્સલ્યરસ

(૬) `કૃષ્ણનું હાલરડું'એ પદરચના કોની છે? (A)મીરાંબાઈ

(B)<u>કૃષ્ણાબાઈ</u> (C)જીજાબાઈ (D)સીતાબાઇ

(૭) જૈનો પ્રાતઃકાળે પોતાના અધ્યયન માટે જે પદો બોલતાં તેને શું કહેતાં?

(A) <u>સજ્જાય</u> (B)ગીત (C)ભજન (D)આરતી

(૮) `કાચબા-કાચબીનું ભજન' કોનું છે?

(A)નરસિંહ મહેતા (B)મીરાબાઇ (C)ધીરો (D)<u>ભોજો ભગત</u>

(૯) `હોલો-હોલીનું પદ' ક્યા કવિનું છે?

(A) <u>ધીરો</u> (B)પ્રીતમ (C)અખો (D)દયારામ

(૧૦) `સુખદુ:ખ મનમાં ન આણીએ,ઘટ સાથે રે ઘડિયાં રે'-પંક્તિ ક્યા કવિની છે?

(A)<u>નરસિંહ મહેતા</u> (B)પ્રીતમ (C)અખો (D)દયારામ

(૧૧) 'રામબાલચરિત'ના પદો ક્યા મધ્યકાલીન યુગનાં કવિ પાસેથી મળે છે?

(A)<u>ભાલણ</u> (B)મીરાબાઈ (C)અખો (D)શામળ

(૧૨) મધ્યકાળના છેલ્લા પદકવિ કોણ છે?

(A)<u>દયારામ</u> (B)નરસિંહ મહેતા (C)પ્રીતમ (D)શામળ

(૧૩) મધ્યકાળમાં 'બંસીબોલના કવિ' તરીકે કોણ ઓળખાય છે?

(A)અખો (B)પ્રીતમ (C)પ્રેમાનંદ (D)<u>દયારામ</u>

(૧૪) મધ્યકાળમાં 'પ્રભાતિયાં' ક્યા કવિની રચના છે?

(A)<u>નરસિંહ મહેતા</u> (B)અખો (C)શામળ (D)પ્રીતમ

(૧૫) 'પદ'એ મધ્યકાળનો કયો સાહિત્યપ્રકાર છે?

(A)વિચારપ્રધાન (B)<u>ઊર્મિપ્રધાન</u> (C)પાત્રપ્રધાન (D)વસ્તુપ્રધાન

(૧૬) 'સુદામાચરિત્ર' નામની પદમાળા ક્યા કવિ પાસેથી પ્રાપ્ત થાય છે?

(A)<u>નરસિંહ મહેતા</u> (B)અખો (C)પ્રીતમ (D)પ્રેમાનંદ

(૧૭) 'રાસક' નામનો સંસ્કૃત શબ્દ ક્યા પદ્યસ્વરૂપ માટે વપરાય છે?
(A)પદ (B)<u>રાસ</u> (C)ફાગુ (D)આખ્યાન
(૧૮) ઇ.સ.ની આઠમી સદીમાં ઉદ્યોતસૂરિની કઈ રચનામાં 'રાસ' શબ્દ જોવા મળે છે?
(A)`બાલચરિત' (B) <u>'કુવલયમાલા'</u> (C) 'રેવંતગિરિ રાસુ' (D) 'સમરારાસ'
(૧૯) 'વિવિધ તાલ અને લયમાં ખેલાતું ગેય ઉપરૂપક એટલે રાસ'-એવી વ્યાખ્યા કોણ આપે છે?
(A) ભાસ (B) ભાલણ (C) <u>હેમચંદ્રાચાર્ય</u> (D) પ્રેમાનંદ
(૨૦) ગુજરાતી સાહિત્યની પ્રથમ રાસ કૃતિ કઈ છે?
(A)`રેવંતગિરિ રાસુ' (B) <u>'ભરતેશ્વરબાહુબલિ રાસ'</u> (C)`સપ્તક્ષેત્રિ રાસ' (D) 'સમરારાસ'
(૨૧) 'ભરતેશ્વરબાહુબલિ રાસ' રચના કઈ સાલમાં રચાઇ છે?
(A) <u>ઇ.સ.૧૧૮૫</u> (B)ઇ.સ.૧૧૮૬ (C)ઇ.સ.૧૧૮૭ (D)ઇ.સ.૧૧૮૮
(૨૨) 'ભરતેશ્વરબાહુબલિ રાસ' રચનાનાં રચયિતા કોણ છે?
(A)ગણપતિ (B)વિનયસૂરિ (C)<u>શાલિભદ્રસૂરિ</u> (D)ધર્મસૂરિ
(૨૩) ગોળકુંડાળાંમાં તાલી અથવા દાંડિયા વડે તાલબધ્ધ સમૂહનૃત્ય થાય તેને શું કહે છે?
(A)પદ (B)ફાગુ (C)પ્રબંધ (D)<u>રાસ</u>
(૨૪) ક્યા રાસાઓમાં મુખ્યત્વે જૈનદર્શનનો પ્રચારનો હેતુ રહેલો છે?
(A)<u>જૈન રાસાઓ</u> (B)જૈનેતર રાસાઓ (C)ગરબી (D)રાસડા
(૨૫) આખ્યાનની જેમ રાસમાં અંતે શું આવે?
(A)પ્રારંભ (B)સ્તુતિ (C)<u>ફલશ્રુતિ</u> (D)વંદના
(૨૬) કોણ રાસાઓને 'કથાશૈલીનું ખંડકાવ્ય' કહે છે?
(A)<u>ડોલરરાય માંકડ</u> (B) હેમચંદ્રાચાર્ય (C)ભાસ (D) કાલિદાસ
(૨૭) સમૂહનૃત્યમાં લયબધ્ધ રીતે ગાવામાં આવે તે ગીતવિશેષ,દાંડિયારાસ, માતાજીના ગરબા વગેરેને શું કહે છે?
(A)<u>રાસ</u> (B)પદ (C)ફાગુ (D)આખ્યાન
(૨૮) રાસસાહિત્ય મધ્યકાળમાં કઈ સદીના ઉત્તરાર્ધથી રચાવા લાગ્યું છે?
(A)અગિયારમી (B)<u>બારમી</u> (C)તેરમી (D)ચૌદમી
(૨૯)શાલિભદ્રસૂરિ પાસેથી ૫૮ કડીની કઈ કૃતિ પ્રાપ્ત થાય છે?
(A)`ભરતેશ્વરબાહુબલિ રાસ' (B)<u>`બુધ્ધિરાસ'</u> (C) 'સમરારાસ' (D) 'પંચપાંડવ રાસ'
(૩૦) 'સંદેશકરાસ' ના રચયિતા કોણ છે?
(A)<u>અબ્દુર રહેમાન</u> (B)ગણપતિ (C)ધર્મસૂરિ (D)સુમતિગણિ
(૩૧) ઇ.સ.૧૨૧૦ માં ધર્મસૂરિકૃત કઈ રાસકૃતિ પ્રાપ્ત થાય છે?
(A)`સમરારાસ' (B) <u>'જંબુસ્વામી રાસ'</u> (C) 'સપ્તક્ષેત્રિ રાસ' (D) 'પેથડ રાસ'
(૩૨) ઇ.સ.૧૨૩૩માં ક્યા કવિ પાસેથી 'આબુરાસ' રચના મળે છે?
(A)<u>પાલ્હણ</u> (B)ધર્મસૂરિ (C)સુમતિગણિ (D)વિનયસૂરિ
(૩૩) ઇ.સ.૧૨૩૯માં સુમતિગણીરચિત કઈ રાસરચના મળે છે?
(A)`રેવંતગિરિ રાસુ' (B) <u>'નેમિનાથ રાસ'</u> (C) 'સમરારાસ' (D) 'પેથડ રાસ'
(૩૪) ઇ.સ.૧૩૪૬માં વિનયપ્રભ ઉપાધ્યાય પાસેથી કઈ રચના મળે છે?
(A)<u>`ગૌતમસ્વામીનો રાસ'</u> (B) 'સમરારાસ' (C) 'આબુરાસ' (D) 'પેથડરાસ'
(૩૫) ઇ.સ.૧૩૫૪માં 'પંચપાંડવ રાસ' રચના કોની પાસેથી પ્રાપ્ત થાય છે?
(A)હેમચંદ્રાચાર્ય (B)ધર્મસૂરિ (C) <u>શાલીભદ્રસૂરિ</u> (D)પાલ્હણ

(૩૬) કયા કથાત્મક કાવ્ય સ્વરૂપને અંગ્રેજીમાં 'Ballad' કહે છે?
(A)રાસ (B)રાસા (C)<u>રાસડા</u> (D)ગરબા
(૩૭) ક્યા સ્વરૂપમાં નૃત્ય અને સંગીતમાંથી કાવ્ય તરફની ગતિ હોય છે?
(A)રાસ (B)રાસા (C)<u>રાસડા</u> (D)પદ
(૩૮) કયા કાવ્યસ્વરૂપમાં પરાક્રમી પુરૂષોની પરાક્રમગાથા ઉપરાંત સમાજજીવન તથા કુટુંબજીવનના વિવિધ ભાવો વ્યક્ત થયા હોય છે?
(A)પદ (B)રાસ (C)ફાગુ (D)<u>રાસડા</u>
(૩૯) રાસ મુખ્યત્વે ક્યા છંદોમાં રચાતા?
(A)અક્ષરમેળ (B)<u>માત્રામેળ</u> (C)દુહા (D)શિખરિણી
(૪૦) દુહા, ચોપાઈ, સોરઠા, રોળા, સવૈયા, દેશી ઢાળો, બંધો વગેરે ક્યા સ્વરૂપમાં વપરાતા?
(A)રાસ (B)<u>રાસા</u> (C)રાસડા (D)પદ
(૪૧) વ્રજભાષામાં ફાગુકાવ્ય માટે કયો શબ્દ વપરાય છે?
(A)<u>`ફગુવા'</u> (B) 'ફાગ' (C) 'વસંતોત્સવ' (D) 'ફાગુ'
(૪૨) ફાગુરચનાઓ શેમાં વિભાજિત થયેલી હોય છે?
(A) પ્રકરણ (B)<u>ભાસ</u> (C)અંક (D)કડવાં
(૪૩) ફાગુકાવ્યોમાં કઈ ઋતુનું વર્ણન વિશેષ જોવા મળે છે?
(A)ગ્રીષ્મ (B)હેમંત (C)શિશિર (D)<u>વસંત</u>
(૪૪) ફાગુકાવ્યોમાં ક્યા રસનું વર્ણન વિશેષ જોવા મળે છે?
(A)<u>શૃંગાર</u> (B)હાસ્ય (C)શિશિર (D)વસંત
(૪૫) 'વસંતવિલાસ' ફાગુરચના ક્યા કવિની છે?
(A)જિનપદ્મસૂરિ (B)શાલીભદ્રસૂરિ (C)<u>અજ્ઞાત કવિ</u> (D)વિનયસૂરિ
(૪૬) 'સિરિથૂલીભદ્ર ફાગુ' રચના કોની પાસેથી મળે છે?
(A)<u>જિનપદ્મસૂરિ</u> (B)શાલિભદ્રસૂરિ (C)રાજશેખરસૂરિ (D)જયવંતસૂરિ
(૪૭) 'નેમિનાથફાગુ' રચના કયા કવિ પાસેથી પ્રાપ્ત થાય છે?
(A)શાલિભદ્રસૂરિ (B)જયવંતસૂરિ (C)<u>રાજશેખરસૂરિ</u> (D)માલદેવ
(૪૮) 'પ્રબંધ' શબ્દ કઈ ભાષાનો છે?
(A)<u>સંસ્કૃત</u> (B)પ્રાકૃત (C)અપભ્રંશ (D)ગુજરાતી
(૪૯) વિક્રમના ક્યા શતકથી લખાતાં ઐતિહાસિક કથાકાવ્યો માટે 'પ્રબંધ' શબ્દ પ્રયોજાતો જોવા મળે છે?
(A)દસમા (B)<u>અગિયારમાં</u> (C)બારમા (D)તેરમાં
(૫૦) સંવત ૧૫૧૨માં કવિ પદ્મનાભ પાસેથી કઈ જાણીતી પ્રબંધ રચના પ્રાપ્ત થાય છે?
(A)<u>`કાન્હડદે પ્રબંધ'</u> (B) 'ભોજપ્રબંધ' (C) 'કુમારપાલ પ્રબંધ' (D) 'વિમલપ્રબંધ'
(૫૧) સંવત ૧૫૬૮માં 'વિમલપ્રબંધ' રચના ક્યા કવિ પાસેથી મળે છે?
(A)પદ્મનાભ (B)રાજશેખરસૂરિ (C)<u>લાવણ્યસમયસૂરિ</u> (D)મેરુતુંગ
(૫૨) ક્યા સર્જક 'રણમલ્લ છંદ' ને 'પવાડો' કહે છે?
(A)<u>કે.હ.ધ્રુવ</u> (B)કલાપી (C)કાન્ત (D)નવલરામ
(૫૩) 'રણમલ્લ છંદ' તથા 'કાન્હડદે પ્રબંધ' માં કયો રસ પ્રધાનપણે નિરૂપાયો છે?
(A)શૃંગારરસ (B)શાંતરસ (C)ભક્તિરસ (D)<u>વીરરસ</u>
(૫૪) કવિ ગણપતિ પાસેથી સં.૧૫૭૪માં ક્યો પ્રબંધ પ્રાપ્ત થાય છે?

(A)શૃંગારરસ (B)શાંતરસ (C)ભક્તિરસ (D)વીરરસ

(૫૪) કવિ ગણપતિ પાસેથી સં.૧૫૭૪માં ક્યો પ્રબંધ પ્રાપ્ત થાય છે?

(A) 'માધવાનલ કામકંદલા પ્રબંધ' (B) 'વિમલપ્રબંધ' (C) 'કાન્હડદે પ્રબંધ' (D) 'ભોજપ્રબંધ'

(૫૫) 'માધવાનલ કામકંદલા પ્રબંધ' કેટલા દુહામાં વિસ્તરેલો છે?

(A)૨૦૦૦ (B)૨૫૦૦ (C)૩૦૦૦ (D)૩૫૦૦

(૫૬) આખ્યાનને શેમાં વિભાજિત કરવામાં આવે છે?

(A)પ્રકરણમાં (B)અંકમાં (C)સર્ગમાં (D)કડવાંમાં

(૫૭) આખ્યાનનાં બીજ ક્યા કવિ પાસેથી મળે છે?

(A)નરસિંહ મહેતા (B)શામળ (C)ભાલણ (D)દયારામ

(૫૮) આખ્યાનનાં પિતા કોને ગણવામાં આવે છે?

(A)નરસિંહ મહેતા (B)ભાલણ (C)પ્રેમાનંદ (D)અખો

(૫૯) આખ્યાનશિરોમણી કોને ગણવામાં આવે છે?

(A)અખો (B)દયારામ (C)ભાલણ (D)પ્રેમાનંદ

(૬૦) 'સુદામાચરિત્ર' આખ્યાન ક્યા કવિની રચના છે?

(A)અખો (B)ધીરો (C)ભોજો ભગત (D)પ્રેમાનંદ

(૬૧) આખ્યાનકાર પ્રેમાનંદ ક્યાનાં વતની હતા?

(A)વડોદરા (B)સૂરત (C)નડિયાદ (D)અમદાવાદ

(૬૨) પ્રેમાનંદનાં પિતાનું નામ શું હતું ?

(A)દયારામ (B)નરભેરામ (C)કૃષ્ણરામ (D)સદારામ

(૬૩) પ્રેમાનંદનો વ્યવસાય શેનો હતો?

(A)માણભટ્ટ (B)સોનીકામ (C)શિક્ષક (D)સુથારીકામ

(૬૪) પ્રેમાનંદ ઉદરનિમિત્તે ક્યું સાહિત્યસ્વરૂપ રચતાં હતાં?

(A)આખ્યાનો (B)પદ (C)પદ્યવાર્તા (D)ભજન

(૬૫) પ્રેમાનંદરચિત કયું આખ્યાન મૈત્રી અને ભક્તિનું કાવ્ય છે?

(A) 'નળાખ્યાન' (B) 'રણયજ્ઞ' (C) 'સુદામાચરિત્ર' (D) 'ચંદ્રહાસાખ્યાન'

(૬૬) પ્રેમાનંદકૃત 'સુદામાચરિત્ર' કેટલા કડવામાં વિભાજિત છે?

(A)૧૧ (B)૧૨ (C)૧૩ (D)૧૪

(૬૭) કૃષ્ણ અને સુદામા ક્યા ઋષિનાં આશ્રમમાં સાથે હતાં?

(A)ગૌતમ (B)વિશ્વામિત્ર (C)વસિષ્ઠ (D)સાંદીપની

(૬૮) 'સુદામાચરિત્ર'માં સુદામા કૃષ્ણને મળવા ક્યા જાય છે?

(A)દ્વારકા (B)મથુરા (C)ગોકુળ (D)વૃંદાવન

(૬૯) 'સુદામાચરિત્ર'માં કૃષ્ણની કૃપાથી સુદામા માટે કેટલા માળનો મહેલ નિર્માણ પામે છે?

(A)૫ (B)૬ (C)૭ (D)૮

(૭૦)પ્રેમાનંદકૃત 'સુદામાચરિત્ર'ની કથા મૂળ શેમાંથી લીધેલી છે?

(A)રામાયણ (B)મહાભારત (C)ભાગવત (D)વિષ્ણુપુરાણ

(૭૧) યમનસભલગા –બંધારણ ક્યા છંદનું છે?

(A)શિખરિણી (B)પૃથ્વી (C)હરિણી (D)વસંતતિલકા

(૭૨) પૃથ્વી છંદનું બંધારણ જણાવો?

(A)યમનસભલગા (B)જસજસયલગા (C)નનમયય (D)યયયય

(૭૩) શાર્દૂલવિક્રીડિતની અક્ષર સંખ્યા કેટલી છે?

(A)૧૪ (B)૧૫ (C)૧૭ (D)૧૯

(૭૪) વસંતતિલકા છંદનું બંધારણ જણાવો?

(A)તભજજગાગા (B)યમનસભલગા (C)સસસસ (D)યયયય

(૭૫) 'જે પોષતું તે મારતું એ ક્રમ નથી શું કુદરતી?-પંક્તિ છંદ જણાવો?

(A)તોટક (B)હરિગીત (C)દોહરો (D)ચોપાઈ

===================== THE END =====================